જન્મદિને વધામણી

શૈલેષભાઈ પંડ્યા
પૂર્વ પ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ નિયામક, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ, ગાંધીનગર
મો. ૯૮૭૯૫ ૨૧૭૭૫

મુકેશ દવે
અગ્રણી - બ્રહ્મસમાજ

ભારતીબેન હેમંતભાઈ પોપટ
મો. ૮૭૩૫૮ ૬૦૪૪૩

ઉજ્જવલ નિકુંજ વૈશ્યક

અવનીબા પંકજસિંહ બિહોલા
મો. ૯૬૨૪૧ ૯૯૦૮૯

એસ એ વર્મા
૯૩૨૭૦ ૩૨૧૩૧



આર સી પરમાર

યેશા કિરીટ સોની

હિરલ આર સોની

શાહપુર પ્રા. શાળાના વિદ્યાર્થીઓએ પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં ભાગ લીધો

૩ દિવસીય શિબિરમાં વિદ્યાર્થીઓને વિવિધ પ્રાણીઓ, પક્ષીઓ, વનસ્પતિ વિશે વિગતે માહિતી આપવામાં આવી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર તાલુકાની આદર્શ પ્રાથમિક શાળા, શાહપુરના ધોરણ-૭ અને ૮ના વિદ્યાર્થીઓ પ્રકૃતિ શિક્ષણથી વાકેફ થાય અને તેમનામાં પર્યાવરણ સંરક્ષણની ભાવના વિકસે તે હેતુથી તેમના માટે પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

આ શિબિર ગાંધીનગર વન સંશોધન સંકુલ, સેક્ટર-૨૦ દ્વારા યોજવામાં આવી હતી. આ ૩ દિવસીય શિબિરમાં વિદ્યાર્થીઓને પ્રકૃતિમાં રહેલા વિવિધ પ્રાણીઓ, પક્ષીઓ, વનસ્પતિ વિશે વિગતે માહિતી આપવામાં આવી હતી.

આ ઉપરાંત કેમ્પમાં પ્રકૃતિ સંરક્ષણ આધારિત ચિત્ર સ્પર્ધા, નાટ્ય સ્પર્ધા અને કાવ્ય લેખન જેવી પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કેમ્પ અંતર્ગત બીજા દિવસે ગીર ફાઉન્ડેશન સંચાલિત હરણ ઉદ્યાન, અને બૉટનીકલ ગાર્ડન, ગાંધીનગરની મુલાકાત પણ વિદ્યાર્થીઓ દ્વારા લેવામાં આવી હતી. કેમ્પના અંતિમ દિવસે ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને પ્રકૃતિ ક્વિઝની પુસ્તિકા ભેટ ધરવામાં આવી હતી.

આ ૩ દિવસીય શિબિર દરમિયાન વિદ્યાર્થીઓને પ્રકૃતિ શિક્ષક અલ્પેશ ડાંગર દ્વારા વિસ્તૃત અને ઉપયોગી માહિતી પૂરી પાડવામાં આવી હતી.

ચૈતન્ય સ્કૂલ દ્વારા આંતરશાળા ક્વિઝ કોમ્પીટિશન યોજાઈ

ગાંધીનગર, તા. ૩

ચૈતન્ય સ્કૂલ દ્વારા ધોરણ-૯થી ૧૧ના વિદ્યાર્થીઓ માટે આંતરશાળા ક્વિઝ સ્પર્ધાનું આયોજન તાજેતરમાં ટાઉનહૉલ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચૈતન્ય સ્કૂલનાં ડિરેક્ટર એલીઝાબેથ કોશીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે 'અમે આવતી પેઢીમાં અભ્યાસ માટે વિદ્યાર્થીઓમાં શીખવાની અને શોધ કરવાની ઈચ્છાને જાગૃત કરવા ઈચ્છીએ છીએ. અમે ગાંધીનગરને પણ શોધ અને જિજ્ઞાસાના નકશા પર મૂકવા ઈચ્છીએ છીએ.' ચૈતન્ય શોધ નામે આયોજિત આ સ્પર્ધામાં નવ રાઉન્ડ આયોજિત કરવામાં આવ્યા હતા. ગાંધીનગર-અમદાવાદની ૨૦ જેટલી શાળાઓના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધાની સૌથી મોટી અપ્પા મેમોરિયલ રોટેટીંગ ટ્રોફી માટે ઍરપોર્ટ સ્કૂલ, હિલવૂડ્સ, ડિવાઈન ચાઈલ્ડ ઈન્ટરન્શનલ અને ચૈતન્ય સ્કૂલ લાયક ઠરી હતી, જે પૈકી ચૈતન્ય સ્કૂલની ટીમે આ ટ્રોફી જીતી હતી. ડિવાઈન ચાઈલ્ડ ઈન્ટરનેશનલ સ્કૂલને રનર અપ ટ્રૉફી પ્રાપ્ત થઈ હતી. આ પ્રસંગે શિક્ષણશાસ્ત્રી સુમિત્રા રાઘવન અને ડૉ. ઈન્દિરા નિત્યાનંદમ ઉપસ્થિત રહ્યાં હતાં.

મહાત્મા મંદિર ખાતે

પાટીદારોને ઉદ્યોગ સાહસિક બનાવવા ૫ જાન્યુઆરીથી ગ્લોબલ સમિટ યોજાશે

ગાંધીનગર, તા. ૩

બેટી બચાઓ અભિયાન હોય કે, પછી જળ બચાઓ અભિયાન, શિક્ષણ કેળવણી ધામના નિર્માણની વાત હોય કે, પછી આરોગ્ય ધામ નિર્માણની દરેક ક્ષેત્રે પાટીદાર સમાજનું નોંધપાત્ર યોગદાન રહ્યુ છે ત્યારે હવે સમાજના શિક્ષિત બેરોજગાર યુવાનો માટે રોજગારીની તક ઉભી કરવા સરદારધામ વિશ્વ પાટીદાર કેન્દ્ર દ્વારા ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનું આયોજન કર્યું છે. મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે પથી ૭ જાન્યુઆરી દરમિયાન યોજાનાર આ ગ્લોબલ પાટીદાનર બિઝનસ સમિટનો મુખ્યુ ઉદ્દેશ સમાજના શિક્ષાત યુવાનોને તાલીમબદ્ધ કરી સન્માન સાથે રોજગારી આપવાનો છે તેમ સરદારધામના પ્રમુખ ગગજી સુતરિયાએ કહ્યું હતું.

ગ્લોબલ પારીદાર બિઝનેસ સમિટને અનુલક્ષીને મણિનગર મુકતજીવન સ્વામિનારાયણ ઓડિટોરીયમ ખાતે રવિવારે અમદાવાદના ૬૦૦થી વધુ અગ્રણી ઉદ્યોગપતિ હાજર રહ્યા હતાં ત્યારબાદ પત્રકાર પરિષદ યોજાઈ હતી તેમાં ઉપસ્થિત ગગજી સુતરિયાએ કહ્યુ કે, વર્ષ ૨૦૧૬માં સુરતના લવજી બાદશાહે ૨૦૦ કરોડના બોન્ડ દીકરીઓને અર્પણ કર્યા હતા ત્યારે અમારા ધ્યાનમાં આવ્યું કે, ઉદ્યોગ ક્ષેત્રે પણ પાટીદાર યુવક-યુવતીઓ માટે તક ઊભી થાય તે અંગે વિચાર કરવો જરૂરી છે ત્યારથી જ ગ્લોબલ સમિટનું આયોજન કરવા નિર્ણય કર્યો હતો. ૨૦૨૦માં આથી પણ ભવ્ય આયોજન કરવામાં આવશે.

સમિટ અંતર્ગત કન્વેન્શન, એક્ઝિબિશન, બિઝનેસ સેમિનાર, B2B મિટીંગ્સનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

મેડિકલમાં પ્રવેશ માટે અગાઉની જેમ હવે બે વખત પ્રવેશ પ્રક્રિયા

ગાંધીનગર, તા. ૩

પી.જી.મેડિકલમાં પ્રવેશ માટે ચાલુ વર્ષથી નીટના આધારે જ પ્રવેશ ફાળવવાનો નિર્ણય કરાયો છે. ચાલુ વર્ષે પી.જી.મેડિકલની જેટલી બેઠક પર વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો તે માત્ર નીટ પાસ કરી હોય તેના મેરિટના આધારે જ થયો હતો. હાલ પી.જી.મેડિકલમાં પ્રવેશ માટે વર્ષમાં માત્ર એક જ વખત નીટ લેવામાં આવે છે. પરંતુ હવે આગામી વર્ષથી પી.જી.મેડિકલમાં પ્રવેશ માટે બે વખત નીટ લેવામાં આવશે. પહેલી વખત જે વિદ્યાર્થીઓને તક મળી ન હોય તેવા વિદ્યાર્થીઓ બીજી વખત લેવાનારી નીટના આધારે થનારી પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે.

પી.જી. મેડિકલમાં પ્રવેશ માટે ભૂતકાળમાં બે વખત પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હતી. જાન્યુઆરીમાં જે પરીક્ષા લેવામાં આવતી હતી તેનુ પરિણામ માર્ચમાં આવતું હતું. જેના આધારે એપ્રિલમાં પી.જી.મેડિકલમાં પ્રવેશ માટેની પ્રક્રિયા થતી હતી. આજ રીતે મે માસમાં પરીક્ષા લેવાતી પરીક્ષાના પરિણામના આધારે જુલાઈમાં પ્રવેશ પ્રક્રિયા થતી હતી. બન્ને પ્રવેશ પ્રક્રિયાની અલગથી બેઠકો પણ જાહેર કરવામાં આવતી હતી. પહેલી વખત ફ્રેશ વિદ્યાર્થીઓને પી.જી.મેડિકલમાં પ્રવેશ મળતો હતો. બીજી વખત રિપીટર વિદ્યાર્થીઓ માટે કાર્યવાહી થતી હતી. સૂત્રો કહે છે એમસીઆઈ દ્વારા વર્ષમાં એક જ વખત પી. જી. મેડિકલના પ્રવેશ કરવા સૂચના આપવામાં આવતાં બે વખતના બદલે એક જ વખત કાર્યવાહી શરૂ કરાઈ હતી.

મેડિકલ પ્રવેશ સાથે સંકળાયેલા સૂત્રો કહે છે ડિપ્લોમેટ નેશનલ બોર્ડ એટલે કે ડીએનબી બોર્ડ દ્વારા પણ પી.જી.મેડિકલના કોર્સ ચલાવવામાં આવે છે. એમબીબીએસ થયેલા અનેક વિદ્યાર્થીઓ આ બોર્ડમાંથી પી.જી.ની ડિગ્રી મેળવતાં હોય છે. આ બોર્ડ દ્વારા વર્ષમાં બે વખત પી. જી.માં પ્રવેશ આપવામાં આવે છે. ભારત સરકારની જ એજન્સી હોવાથી તેમાં બે વખત કાર્યવાહી થતી હોવાથી મેડિકલ કાઉન્સિલ દ્વારા આ બોર્ડમાં પણ એક જ વખત કાર્યવાહી થાય તેવી માંગણી કરવામા આવી હતી.

બીજી બાજુ બોર્ડ દ્વારા પી.જી.માં બે વખત પ્રવેશ પ્રક્રિયા થતી હોવાથી નીટના માધ્યમથી થનારી પ્રવેશ પ્રક્રિયામાં પણ બે વખત જ કાર્યવાહી થવી જોઈએ તેવો આગ્રહ રાખવામાં આવ્યો હતો. આમ, સરવાળે બોર્ડની રજૂઆતોને માન્ય રાખીને ભવિષ્યમાં પી. જી. મેડિકલમાં પ્રવેશ માટે બે વખત નીટ લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સૂત્રો કહે છે અત્યાર સુધી નીટ સહિતની તમામ પરીક્ષાઓ સેન્ટ્રલ બોર્ડ દ્વારા લેવામાં આવતી હતી પરંતુ હવે એન્ટ્રન્સ ટેસ્ટ લેવા માટે અલગ બોર્ડની રચના કરવામાં આવી છે. આ બોર્ડ દ્વારા હવે પછી પી.જી.નીટ માટે બે વખત પરીક્ષા લેવાની તૈયારી શરૂ કરવામાં આવી હોવાનું મેડિકલના સૂત્રો કહે છે.

જીટીયુના અગત્યના નિર્ણયો માટે ચૂંટણી બાદ બીઓજીની બેઠક

ગાંધીનગર, તા. ૩

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ)માં તાજેતરમાં એકેડમિક કાઉન્સિલની બેઠક બોલાવાઈ હતી. આ બેઠક પહેલા તા.૩૦મીએ ફાઈનાન્સ કમિટીની પણ બેઠક મળી હતી. જેમાં યુનિવર્સિટીના મહત્વના કામોને લગતાં ટેન્ડરો અંગેના નિર્ણયો લેવાયા હતા. હવે ડિસેમ્બરમાં બોર્ડ ઓફ ગવર્નન્સની બેઠક બોલાવીને કોન્વોકેશનની મંજૂરી લેવા ઉપરાંત ટેન્ડરના કામોને મંજૂરી માટે રજૂ કરવાનું નક્કી કરાયું છે. યુનિવર્સિટીની સ્થાપના થઈ ત્યારથી સ્ટેચ્યુટ અને ઓર્ડિનન્સ તૈયાર કરાયા નથી. આ મુદ્દે ભૂતકાળમાં વારંવાર રજૂઆતો કરવા છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. જો કે, તાજેતરમાં એકેડેમિક કાઉન્સિલની બેઠક બોલાવાઈ હતી જેમાં ઈ-કોર્સ ઉપરાંત કેટલાક નવા કોર્સ શરૂ કરવાની જાહેરાત કરાઈ હતી. યુનિવર્સિટીના સૂત્રો કહે છે તાજેતરમાં ફાઈનાન્સ કમિટીની બેઠક પણ બોલાવવામાં આવી હતી. સામાન્ય રીતે ફાઈનાન્સ કમિટીમાં યુનિવર્સિટીના બાંધકામ ઉપરાંત ટેન્ડરને લગતાં અનેક મહત્વના નિર્ણયો લેવાયા હતા. આ અંગે કુલપતિ નવીનચંદ્ર શેઠને પૂછતાં તેઓ કહે છે તા.૩૦મીએ ફાઈનાન્સ કમિટીની બેઠક બોલાવાઈ હતી.

જેમાં બાંધકામ ઉપરાંત જે કામોમાં ટેન્ડરની જરૂર પડતી હોય છે તે અંગે ચર્ચા વિચારણા કરાઈ હતી. હવે એકેડેમિક અને ફાઈનાન્સ કમિટીમાં લેવાયેલા નિર્ણયો આખરી મંજૂરી માટે બોર્ડ ઓફ ગવર્નન્સ એટલે કે બીઓજીની બેઠકમાં રજૂ કરાશે. કુલપતિ કહે છે ડિસેમ્બરમાં જ બીઓજીની બેઠક બોલાવાશે. સૂત્રો કહે છે નિયમ પ્રમાણે બીઓજીની બેઠક બોલાવતાં પહેલા પંદર દિવસ પહેલા સભ્યોને એજન્ડા મોકલાવાતો હોય છે. હજુ સુધી સભ્યોને એજન્ડા મોકલાયો નથી. જેથી ચૂંટણી પછી બીઓજીની બેઠક બોલાવાય તેવી શકયતા છે.

સ્વયંસેવક સંઘના પાંચ સરસંઘચાલકના વ્યક્તિત્વ અને કર્તૃત્વ પર કેન્દ્રિત પુસ્તકોનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૩

આઠ વર્ષ પછી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને ૧૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે, ત્યારે નવી પેઢી સમક્ષ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને સાચા અર્થમાં લઈ જવો જરૂરી છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જે વિશ્વનું સૌથી મોટું સંગઠન છે, જેના દ્વારા એક 'મૌન ક્રાંતિ' થઈ છે. જેને માટે આ પાંચ ઋષિતુલ્ય મહાનુભાવોએ મહત્ત્વનું યોગદાન આપ્યું છે. સરસંઘચાલક નામની સંસ્થા પોતાના સ્તરે અદ્‌ભુત કાર્ય સ્નેહ, પ્રેમ અને આત્મીયતા દ્વારા કર્યું છે. દેશને પરમ વૈભવ સુધી લઈ જવા માટે એક પથદર્શક બની કાર્ય કર્યું છે, એમ રાજયપાલ ઓમપ્રકાશ કોહલીએ શનિવારે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પાંચ પૂ. સરસંઘચાલકના વ્યક્તિત્વ અને કર્તૃત્વ પર કેન્દ્રિત પુસ્તકોના લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું. આ કાર્યક્રમ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સહ-સરકાર્યવાહ ડૉ.કૃષ્ણ ગોપાલજીની અધ્યક્ષતામાં અને શ્રી બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના સાધુ પૂ.બ્રહ્મવિહારીદાસજી, સાધુ પૂ. અક્ષરવત્સલદાસજી અને પ્રકાશક પ્રભાતકુમારના સાનિધ્યમાં સંપન્ન થયો હતો.

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પાંચ પૂ.સરસંઘચાલકના વ્યક્તિત્વ અને કર્તૃત્વ પર કેન્દ્રિત પુસ્તકો છે, તેમાં 'હમારે ડૉ.હેડગેવારજી', 'હમારે ગુરુજી', 'હમારે બાલાસાહબ દેવરસ', 'હમારે રજ્જુ ભૈયા' અને 'હમારે સુદર્શનજી'નો સમાવેશ થાય છે. આ પાંચેય મહાનુભાવોએ 'રાષ્ટ્ર સર્વોપરી'ના મૂળમંત્રને પોતાના જીવનનું ધ્યેય માન્યું હતું. જે કોઈ એવું કહે કે નવી પેઢીમાં સંઘ આકર્ષણનો વિષય નથી તો કહેવાનું કે આવા લોકો સંઘની દૈનિક શાખામાં જશે તો આ ભ્રમ દૂર થઈ જશે, એમ કહી રાજયપાલ ઓ.પી.કોહલીજીએ જણાવ્યું કે વર્તમાન સમયમાં નવી પેઢી પોતાના મૂળથી વિખૂટી પડતી જોવા મળી રહી છે ત્યારે સંઘનું કાર્ય મહત્ત્વનું બની રહે છે. નવી પેઢીને સંઘના વિચારદર્શન, ગતિ-પ્રગતિથી વાકેફ કરવા અને વિવિધ ક્ષેત્રમાં સંઘ શું કાર્ય કરી રહ્યું છે, તે જણાવવું જરૂરી છે. આ માટે જે નવી પેઢીના સંપર્કમાં આવે ત્યારે સંઘની વાત કરે અને તેમની ઉત્સુકતા જાણીએ અને શંકાનું સમાધાન લાવીએ.

તેમણે જણાવ્યું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ૧૦૦ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે ત્યારે સંઘની પ્રગતિના આધાર માટે ત્રણ મુદ્દા મહત્ત્વના છે. એક છે સંઘનો ઉદ્દેશ્ય રાષ્ટ્રને પરમ વૈભવ સુધી લઈ જવાનો. યોગી અરવિંદે કહ્યું હતું કે રાષ્ટ્રની તેજસ્વીતાનું તેજ ધીમું પડે ત્યારે એ તેજને દીપ્તિમાન કરવાનું કાર્ય અમે કરીએ છીએ. સંઘ પણ આ જ કાર્ય કરી રહ્યું છે. જેનાથી રાષ્ટ્રનું તેજસ્વી સ્વરૂપ યથાવત્ રહે. સંઘની પ્રગતિનો બીજો આધાર છે, દૈનિક શાખા કે જેના માધ્યમથી મૌનપૂર્વક સ્વયંસેવકોમાં સંસ્કાર આવે છે. સંઘની પ્રગતિનો ત્રીજો આધાર છે, તેની કાર્યપદ્ધતિ, જે પૂર્ણ વૈજ્ઞાનિક છે. જ્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સહ-સરકાર્યવાહ ડૉ.કૃષ્ણ ગોપાલજીએ જણાવ્યું કે સરસંઘચાલક એ કોઈ વ્યક્તિ નથી, એક સંસ્થા છે. અહીં આદેશ નથી અપાતા, પરંતુ માત્ર નિર્દેશ થતાં હોય છે અને વિજયાદશમીએ તેઓ જે ઉદ્‌બોધન આપે છે, તે વર્ષભર શું થયું અને હવે શું કરવાનું છે, તેનું એક દ્રષ્ટા, પથદર્શક બનીને માર્ગદર્શન કરે છે. રાષ્ટ્રીય સ્વયંસેવક માટે હિન્દુ સમાજ પ્રાણપ્રિય છે નરમાં નારાયણ જોઈને કાર્ય થયું છે. સંઘ દ્વારા થતાં સેવા કાર્યો એક લાખ ૭૦ હજાર છે. આ પ્રસંગે વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, પ્રબુદ્ધ નગરજનો, સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

ડેઈલી કરંટ

દર્શન માર

95862 87447

(૧) ૨૦૧૭માં ઈન્ફોસિસના નવા ચેરમેન પદે કોની વરણી કરવામાં આવી છે ?
(એ) નંદન નીલકણી
(બી) વિશલ ભારદ્વાજ
(સી) સલિલ પારેખ
(ડી) વિજય યશપાલ

(૨) તાજેતરમાં કેરલના દરિયા કિનારે કયું વાવાઝોડું ત્રાટક્યું હતું ?
(એ) ઓખી (બી) ઓલની
(સી) હાર્વે (ડી) હાવરી

(૩) કેરલમાં ત્રાટકેલા ઓખી વાવાઝોડાની ઝડપ કેટલા કિમીની છે ?
(એ) ૧૩૦ કિમી (બી) ૧૪૦ કિમી
(સી) ૧૫૦ કિમી (ડી) ૧૬૦ કિમી

(૪) અમેરિકા એરફોર્સ વન જહાજ પર પત્રકારોને બ્રીફ કરવાનું ગૌરવ કયા ગુજરાતીને મળ્યું છે ?
(એ) રવિ શાહ (બી) રાજ બિરલા
(સી) રાજ શાહ (ડી) રવિ શર્મા

(૫) તાજેતરમાં કયા રાજ્યના મુખ્યમંત્રીએ ૨૦૧૮ના હોકી વર્લ્ડ કપના મેસ્કોટ માટેનું લોકાર્પણ કર્યું હતું ?
(એ) પંજાબ (બી) ઓડિશા
(સી) બિહાર (ડી) ગુજરાત

(૬) ભારતમાં આયોજિત હોકી વર્લ્ડ કપમાં કુલ કેટલા દેશો ભાગ લઈ રહ્યા છે ?
(એ) ૧૬ (બી) ૧૭
(સી) ૧૮ (ડી) ૧૯

(૭) તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામની ગુડવિલ એમ્બેસેડર તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) મલાલા યુસુફઝઈ (બી) ફ્રેડા પિન્ટો
(સી) દિયા મિર્ઝા (ડી) તાપસી પન્નુ

(૮) તાજેતરમાં શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટ કયા શહેરમાં યોજાઈ હતી ?
(એ) સોચી (બી) સિઓલ
(સી) મુંબઈ (ડી) ન્યૂયોર્ક

(૯) શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટમાં ભાગ લેવા ભારત તરફથી કોણ ગયું છે ?
(એ) સવિતા શર્મા (બી) સુષ્મા સ્વરાજ
(સી) ચંદા કોચર (ડી) સ્મૃતિ ઈરાની

(૧૦) ગુજરાત રાજ્યના નવા ઈન-ચાર્જ ડીજીપી તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) પ્રમોદ ઝા (બી) પ્રમોદકુમાર
(સી) પ્રમોદ સિંહા (ડી) પ્રમોદ શર્મા

નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટે ૫૧ ફૂટની કાખઘોડી પ્રસ્થાપિત કરી વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યો

નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આજરોજ શહેરમાં આવેલા મેમનગર ખાતે સંસ્થાના મકાનની સામેના ખુલ્લા મેદાનમાં 'અભિગમ્યતા અભિયાન' હેઠળ દિવ્યાંગોની નવી ઓળખ એવી ૫૧ ફૂટની 'કાખઘોડી'ની પ્રતિકૃતિ મૂકવામાં આવી હતી. આ 'કાખઘોડી'ની પ્રતિકૃતિ મૂકતાની સાથે જ તેને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં તથા વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા બુકમાં સ્થાન મળ્યું છે.

નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડો. સુભાષ આપ્ટેએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આજે 'અભિગમ્યતા અભિયાન' હેઠળ ૫૧ ફૂટની કાખઘોડી (ઝૅષ્ઠિર) મૂકી સંસ્થા ગર્વની લાગણી અનુભવે છે. 'કાખઘોડી'ની મોટામાં મોટી પ્રતિકૃતિનો અગાઉનો વર્લ્ડ રેકોર્ડ છજૈર્ષ્ઠહ અને ત્ર ૅ ષ્ઠરીઠ્ઠેષ્ઠઠ્ઠઞ્જ દિલ્હીના નામે હતો, જેની ઊંચાઈ ૪૫ ફૂટ હતી. જ્યારે નવજીવન ચેરીટેબલ સંસ્થા દ્વારા ૫૧ ફૂટની 'કાખઘોડી' વિશ્વ અપંગ દિનની ઉજવણીના ભાગરૂપે મૂકવામાં આવતાં હવે આ રેકોર્ડ નવજીવન ચેરીટેબરલ ટ્રસ્ટના નામે નોંધાશે.

નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટના સંચાલક શ્રી નિલેશ પંચાલે આ પ્રસંગે જણાવ્યું હતું કે તા. ૩ ડિસેમ્બરના રોજ સમગ્ર વિશ્વમાં વિશ્વ અપંગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે, ત્યારે અમારી સંસ્થા હાલમાં સિલ્વર જ્યુબિલી વર્ષની ઉજવણીના ભાગરૂપે દિવ્યાંગો માટેના જુદા જુદા કાર્યક્રમો દ્વારા કરી રહી છે. જેથી અમારી સંસ્થાએ વિશ્વ અપંગ દિવસની કંઈક અલગ રીતે ઉજવણી થાય અને સમગ્ર વિશ્વમાં દિવ્યાંગોની નવી ઓળખ ઊભી થાય તે હેતુસર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમથી 'અભિગમ્યતા ભારત' અભિયાનને મહત્વનું સ્થાન મળશે.

વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા બુક તરફથી આજરોજ નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટને દિવ્યાંગોની ઓળખસમી ૫૧ ફૂટની 'કાખઘોડી'ની પ્રતિકૃતિ પ્રસ્થાપિત કરવા બદલ વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા બુકમાં સ્થાન આપી પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

'અભિગમ્યતા' (Accessibility) દિવ્યાંગ વ્યક્તિઓની મહત્વની મુશ્કેલી છે. ભારત દેશમાં દિવ્યાંગ વ્યક્તિઓ હોસ્પિટલ, ગાર્ડન , રેલવે સ્ટેશન, એરપોર્ટ , જેવી જાહેર મિલ્કતો સુધી પહોંચીને તેનો વપરાશ કરી શકે તે માટે સગવડો ઉભી કરવાનું અભિયાન ચાલે છે. શારીરિક અપંગોને સારા અને ઢલાનવાળા રસ્તા, લિફ્ટ સ્પીકર જેવા સાધનો દ્વારા 'અભિગમ્યતા'ની સગવડ ઉભી કરી શકાય છે. માનસિક દિવ્યાંગને લખેલ સૂચના વાંચતા આવડતી ના હોઈ, તેમના માટે આસાનીથી સમજી શકાય એવા પ્રતિકો મુકવા જરૂરી છે.